

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*શરીફ મારે છે સફાઈ, સેના તો સચવાતી નથી!*
*કરારો છતાં હુમલા કરતાં તો ખચકાતી નથી!*
*લજાતી નથી વિશ્વ વિરોધી આતંકને પોષવામાં -*
*લોકશાહીને ગળી જતાં પણ એ અચકાતી નથી!*
*(શરીફ-સેના, ઉંદર-બિલાડીની રમત)*

હાઈકુ

*થશે નાટક,*
*ખાલી કોલ કરારો -*
*વાઈબ્રંટ માં...*
*(વૃક્ષારોપણ જેમ)*

*વાવે વિકાસ!*
*ચિંતા સહિત વધે*
*ઋણ નો ભાર...*
*(વિશ્વ દેવામાં ગરકાવ)*

### ચિંતન

*સજન સનેહી બહુતે હૈ, સુખ મેં મિલે અનેક,*
*બિપત્તિ પડે દુ:ખ બાંટિયે, સો લાખન મેં એક.*

ઉપરોક્ત શ્લોક કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે. અંગ્રેજીમાં ઉક્તિ છે કે, ભીડમાં સાથે આવે તે સાચો ભેરુ. આજના ઝડપી જીવનમાં મિત્રતા ખૂબ ઉપકારક છે. કબીર કહે છે કે, સગાં વહાલાં અને મિત્રો અનેક હોય છે. પણ તે તો સુખનાં સગાં છે, દુ:ખ આવતાં જ મોઢું ફેરવી લે છે. મિત્રદ્રોહ, દગો, છેતરપીંડિ અને નિષ્ઠાહીન સમાજમાં સન્મિત્ર કેમ મળે? ગુરુ જેમ સાચો મિત્ર શોધવો પણ મુશ્કેલ કામ છે. જીવનમાં વિપદા તો આવે જ છે. આવા સમયે દુ:ખમાં ભાગીદાર થાય તેવા મિત્રો લાખોમાં એકાદ હોય છે. આવા મિત્રના આધારે, તેમની સહાયથી વિકટ પ્રશ્નો ઉકેલી શકાય છે. આ સાથીથી કબીર સૌને આંધળો વિશ્વાસ કરવા સામે અને વધારે પડતી અપેક્ષાઓ સામે ચેતવણી આપે છે. જયારે લાખોમાંથી એક જ સારો અનુભવ થવાનો હોય તો બાકીના નવ્વાણું હજાર નવસો અને નવ્વાણું પાસે શા માટે વ્યર્થ અપેક્ષા રાખવી?

### સુવિચાર

- જીવવું સહેલી વાત નથી, યાતનામાંથી જ કરૂણા પ્રગટે છે... જીવનમાં મોટામાં મોટી કળા આંસુને સ્મિતથી લૂછી આગળ વધવામાં હોય છે - **સુરેશ દલાલ**
- સંબંધ સાથે અપેક્ષા જોડાયેલી છે અને અપેક્ષા પૂરી ન થાય તો નિરાશા આવે - **સંબંધસૂત્ર**
- મનમાં એક વાત યાદ રાખવી કે આપણા હોવાથી જગત સધવા નથી અને આપણા જવાથી જગત સધવા નથી અને આપણા જવાથી જગત વિધવા નથી - **જીવનસૂત્ર**
- કેટલાક લોકો આંખ સામે ભયાનક સૃષ્ટિ સર્જે છે અને લયમાં જીવવાને બદલે પ્રલયથી જીવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તર્ક એ છરી જેવો છે, જે માણસ એનો ઉપયોગ કરે છે એનો જ હાથ લોહિયાળ થાય છે - **ઉમાશંકર જોશી**
- આપણી વાતમાં અને આપણા અવાજમાં અહમ્‌ની ધજાઓ ફરકતી હોય છે. અહમ્ કેન્દ્રી માણસ કદી સુખી હોતો નથી. સ્વના કેન્દ્રમાંથી ખસીને જે સર્વ સુધી પહોંચી શકે એ રસ્તો માત્ર પ્રેમનો છે - **જનકલ્યાણ**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ આદિવાસી કે દલિતોના પ્રતિનિધિ તરીકે પ્રધાનમંડળમાં સ્થાન પામતા નેતાશ્રીઓ પોતાની જ ગરીબીની વધારે ચિંતા કરે છે. ગાડી-બંગલા થઈ જાય ત્યાં સુધી સમૃદ્ધ થાય છે.

બહાદુરભાઈ કે પટેલ ૧૯૫૨ થી સંસદ સભ્ય હતા. મુંબઈ રાજયમાં ગુજરાત હતું ત્યારે અને ૧૯૬૦ પછી ડૉ. જીવરાજ ભાઈ સરકારમાં પણ બહાદુરભાઈ નાયબપ્રધાન હતા.

એકવાર વાંસદા તાલુકાના નવતાડ ગામમાં વનઉદ્યોગ કેન્દ્રમાં કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી આવ્યા હતા. બહાદુરભાઈને એક વખતના સાંસદ તરીકે નિમંત્રણ હતું.

માધવસિંહભાઈએ બહાદુરભાઈને પૂછ્યું તમારું ગામ કયાં છે અને કેવી રીતે આવ્યા છો!

બહાદુરભાઈની ગરીબી લિબાશ પર જ દેખાતી હતી. તેમણે કહ્યું - મારું ગામ અહીંથી ૧૫ કિ.મી. દૂર છે અને હું મારી સાયકલથી જ આવ્યો છું.

# નવરાત્રિની ઉજવણીનો અનુકરણીય સંદેશ

દેશમાં વર્ષ દરમ્યાન ઉજવાતી પાંચ નવરાત્રિઓ પૈકી સૌથી ખ્યાત નવરાત્રી પૂર્ણ થવાના આરે છે, જેટલો બચ્યો છે તેટલો નવરાત્રિનો આનંદ લૂંટી લેવા મથી રહેલાં ગરબા-રસિયાઓનાં મન ઉદાસ થાઉં થાઉં થઈ રહ્યાં છે ત્યારે આ પર્વની ઉજવણી ઉપર એક દૃષ્ટિપાત કરીએ તો ઘણી વિશેષતાઓ નજર સામે આવે છે.

દુનિયાનો સૌથી લાંબો નૃત્યોત્સવ તો ખરો જ. એ ઉપરાંત ઉત્કૃષ્ટ મૅનેજમૅન્ટ, ફૅશન ડિઝાઈનીંગ, બ્યુટી ટૅકનીક્સ, સંગીત, ગીતોમાં-નૃત્યોમાં સંશોધન, આધુનિકતા સાથે પરંપરા જેવી કેટલીય બાબતો નવરાત્રિમાં ધ્યાને આવે છે.

કહેવાની મતલબ એટલી જ કે જેમ વરિષ્ટ વર્ગ ઉજવણીનું મોટું આયોજન કરવામાં અવ્વલ છે એમ યુવા વર્ગ આ આયોજનને ઉજવી લેવામાં ને ઉજાળવામાં આગળ છે.

આપણે ત્યાં ઉજવાતા સ્થાનિક નવરાત્રી મહોત્સવનું બજેટ પણ આઠ-દસ લાખ રૂપિયા હોય છે ને પાર્ટી પ્લૉટમાં ઉજવાતી નવરાત્રી તો કરોડના આંકને પાર કરી ગઈ છે. અલબત્ત, ઉજવણીનાં આ બંને સ્વરૂપોમાં તફાવત ભલે દેખાતો હોય પરંતુ બંને સ્થળે ઉજવણીના ઉત્સાહમાં કોઈ કમી દેખાતી નથી, એ બંને સ્થળે સમાન હોય છે.

એ જ રીતે ગરબામાં પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન માટે બે મહિના અગાઉથી પ્રૅક્ટિસ અને ડ્રેસ ડિઝાઈનીંગ માટે પ્રયત્નરત થઈ જતો નવરાત્રિ દરમ્યાન રાતભર ગરબે રમી શકવા માટે સમર્થ યુવાવર્ગ સખ્ત મહેનત અને સંશોધન માટેની પોતાની કાબેલિયત પૂરવાર કરે છે.

કેટકેટલું વિશેષ દેખાય છે આપણને એક જ નવરાત્રિમાં ને આપણી સૌની કેટલી બધી કાબેલિયત છતી થાય છે !

આ બધી જ કાબેલિયતને, વિશેષતાઓને આપણે વર્ષભર સાચવી ન શકીએ ? જે સમર્પણ, જે ભક્તિ અને જે આવડત આપણે નવરાત્રિની ઉજવણીમાં લગાવીએ છીએ તે રોજ-બ-રોજના જીવનમાં,

**તંત્રીસ્થાનેથી...**

વ્યવસાયમાં ને દેશ પ્રતિ નિષ્ઠામાં કે વિકાસમાં લગાવીએ તો ?

નવરાત્રિની ઉજવણી આપણને એક દિશાસૂચન પૂરું પાડે છે કે જીવનને કાયમ આવું ઉત્સવમય બનાવી શકાય છે - જરૂર છે માત્ર ઉત્સવ જેવા સજ્જડ આયોજન, ઉત્સાહ, એકતા અને સમર્પણની.

આ બધું જ્યારે રોજ-બ-રોજના જીવનમાં જોડાઈ જશે ત્યારે ન માત્ર વ્યક્તિની, પરંતુ સમાજની ને દેશની સિકલ પણ કંઈક જુદી જ હશે.

શક્તિની મહત્તા, શક્તિના પૂજન અને શક્તિની આરાધના સાથે નવરાત્રિ આવો સંદેશ પણ આપે છે. જો સાંભળીએ, સમજીએ ને અનુકરણ કરીએ તો કાયમ ઉત્સવ જેવું જીવી શકાય છે, નહીંતર વર્ષની પાંચ નવરાત્રિથી તો છે જ, એનાથી સંતોષ માનતાં જ આવ્યા છીએ એમ સંતોષ માની લેવાનો !

# દહેજ વિરોધી કલમ ૪૯૮-એ ના ગુન્હામાં પૂરતી તપાસ બાદ જ સાસરીયાઓની ધરપકડ થશે : સુપ્રિમ કોર્ટ

ઈન્ડીયન પીનલ કોડ ૧૯૮૩ ની કલમ ૪૯૮-એ તથા દહેજ વિરોધી કાયદો ૧૯૬૧ હેઠળ દહેજના કાયદાનો ફરીયાદ પક્ષ દ્વારા ગેરફાયદો ઉઠાવી નિર્દોષ લોકોને ઘણી વખત હેરાન કરવામાં આ કાયદાનો ખોટો ઉપયોગ કરાતો હોવાનું સુપ્રીત કોર્ટના ધ્યાનમાં આવતા મહત્વની સૂચના તપાસ કર્તા પોલીસ અધિકારીઓ માટે ગાઈડ લાઈન બહાર પાડવામાં આવેલ છે.

દહેજની ફરીયાદ પોલીસ અધિકારી સમક્ષ રજુ કરવામાં આવે તો આવા કિસ્સામાં તાત્કાલિક આરપીઓની ધરપકડ કરવાના બદલે સૂચના સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ છે. કેસના સાચા ખોટાની નિષ્પક્ષ તપાસ બાદ તથા ભોગ બનનાર તેમજ આરોપ જેની સામે કરવામાં આવેલા હોય તે તમામ પક્ષકારોના નિવેદન સાક્ષીઓની જુબાની મેળવી ત્યારબાદ જ ધરપકડ જરૂર જણાય તો કરવાની સૂચના રાજય સરકારને આપેલ છે.

અસંતુષ્ટ પત્નીઓ દ્વારા કેટલીય વખત નિર્દોષ પતી તથા સાસરેયા સામે ખોટી ફરીયાદ કરી કાયદાનો ઢાલ તરીકે ઉપયોગ કરવાના બદલે હથીયાર તરીકે ઉપયોગ કરે છે તેવા કિસ્સા સમાજ માટે ભયજનક સુપ્રિમ કોર્ટે ગણાવ્યા છે. પોલીસ આવા કિસ્સામાં આરોપીઓની ધરપકડ કરતા પહેલા નામદાર જજ સમક્ષ પૂરતા કારણો અને પુરાવા રજુ કર્યા બાદ જ જજ આરોપીની ધરપકડની પરવાનગી આપશે.

દહેજના એક કેસમાં પતી દ્વારા આગોતરા જામીન માંગતા સમગ્ર હકિકત નામદાર સુપ્રિમ કોર્ટના ધ્યાને આવી. જસ્ટીસ ચંદ્રમૈલીકુમાર પ્રસાદ અને જસ્ટીસ પીનાકિચંદ્ર ઘોષે પીડીસન નં. ૯૧૨૭/૨૦૧૩ ના કેસમાં તારીખ : ૨/૭/૨૦૧૪ ના રોજ ચુકાદો આપતા જણાવ્યું હતુ કે કલમ ૪૯૮-એ મહિલાઓને કાયદાનું રક્ષણ પૂરૂ પાડવા ઢાલ તરીકે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવેલ છે જેનો ખોટી રીતે મહિલાઓ હથીયાર તરીકે ઉપયોગ કરી ગેરફાયદો ઉઠાવી નિર્દોષ લોકોને હેરાન કરી શકે નહિ આવી ફરીયાદમાં સાસરીયાના અન્ય લોકોની સંડોવણી ના હોવા છતાં હોવા છતા ખોટી રીતે માનસીક દબાણમાં લાવવા માટે આરોપી તરીકે નામો દાખલ કરવામાં આવે છે પતી-પત્નીના ઝઘડામાં ઘણી વખત સાસુ, સસરા કે નણંદને કોઈ જ લેવા દેવા હોતી નથી તેમ છતા પાડાના વાંકે પખાલીને ડામ જેવી રીત અજમાવવામાં આવે છે જે ગેરવ્યાજબી છે કાયદો આરોપીને સજા અપાવવા માટે છે નિર્દોષોને હેરાનગતી કરવા માટે નથી.

વર્ષ ૨૦૧૨ માં દહેજ વિરોધી ધારા અન્વયે દેશભરમાં આશરે બે લાખ લોકોની ધરપકડ કરવામાં આવી હતી કલમ ૪૯૮-એ મુજબ મહિલાઓ દ્વારા ફરીયાદ કરવાની ટકાવારી ૯૩.૬ ટકા છે જેમાંથી માત્ર ૧૫ ટકા લોકોને જ સજા થાય છે બાકીના પુરાવાના અભાવે અગરતો ખોટી ફરીયાદના કારણે છુટી જાય છે ૪૯૮-એ મુજબ ૨૦૧૨માં ૩૭૨૭૦૬ કેસોની સુનાવણી નામદાર કોર્ટમાં હાથ ધરાતા તેમાંથી ૩૧૭૦૦૦ કેસોમાં આરોપીઓ નિર્દોષ છુટી ગયા હતા. આ આંકડા જ દર્શાવે છે કે મહિલાઓએ કલમ ૪૯૮-એ નો ખોટો દૂરઉપયોગ કરેલ છે તેમ છતાં ઘણા સાચા કેસોમાં સાક્ષી પુરાવા તથા ટેકનીકલ ખામી ના કારણે સાચા આરોપીઓ પણ નિર્દોષ છુટી જતા હોય છે જેનો આંકડો ખુબ જ ઓછો છે.

દહેજના કારણોસર ગુજરાતમાં વર્ષ ૨૦૧૩ માં ૧૭૨ અપમૃત્યુ થયા છે દહેજ લેવુએ ગુનો છે તો દહેજ આપવુ એ પણ ગુનો ગણવો જોઈએ પરંતુ દહેજ આપનાર સામે આજદિન સુધી એક પણ ફરીયાદ કે ગુનો નોંધાયેલ નથી.



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

નામદાર સુપ્રિમ કોર્ટની ખંડપીઠે જણાવેલ કે આવી સખત કલમ હેઠળ ધરપકડ થાય ત્યારે વ્યકિતઓ સમાજ અને જ્ઞાતિમાં બદનામી થાય છે સદર કલમ બિન જામીનપાત્ર હોય આરોપી પાસે જેલમાં જવા સીવાય કોઈ વિકલ્પ નથી હોતો ઘણા ઓછા કેસોમાં આગોતરા જામની નામદાર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવે છે.

હવે નામદાર સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન બાદ પુરાવા સીવાય અગર તો નામદાર કોર્ટની સૂચના કે આદેશ સીવાય આવા કેસોમાં પોલીસ દ્વારા ખોટી રીતે ધરપકડ કરવામાં આવશે તો પોલીસ વિરૂધ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટ તથા ખાતાકીય તપાસ પણ કરવામાં આવશે.

કાયદા પંચ અને ગૃહ વિભાગ અને સંસદીય સ્ટેન્ડીંગ કમીટીને પણ આવા કેસો પતી-પત્ની સમાધાનથી પતાવટ કરે તે જોવું જોઈએ તેમ સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે.

મહિલા અધિકારી કાર્યકર્તાઓના વિરોધ વચ્ચે સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી પુરૂષો અને તેમના પરિવારજનો માટે સ્ત્રી દ્વારા કરવામાં આવતા ખોટા કેસોમાં રાહતરૂપ થશે જેમ કે ફરીયાદ સાચી હશે તો પોલીસ પુરાવા બાદ પણ આરોપીની ધરપકડ કરી શકશે.

# આત્મનિરીક્ષણ કરીને આપણામાં રહેલી ક્ષતિઓને દૂર કરીએ

**Every girl who awakens courage within herself is Durga....**
**Every woman who awakens Transformation within herself is Kali...**
**Every woman who awakens Devotion within herself is Parvati...**
**Every woman who awakens Nurturing within herself is Annapurna...**
**And**
**Every woman who awakens the Shiva within herself is the Shakti**
**Celebrating the Goddess within**
**Happy Navratri.**

નવરાત્રીનું પર્વ એટલે માતૃવંદના અને આદ્યશક્તિની આરાધનાનું પર્વ. પણ એના માટે તો માત્ર આ નવ દિવસ ઓછા ન પડે? દરેક સ્ત્રીમાં અને આમ તો દરેક મનુષ્યમાં એક અલૌકિક શક્તિ સુષુપ્તપણે રહેલી જ હોય છે. સમય આવ્યે અંતરમાં રહેલી એ જયોતને પ્રગટાવવી હોય છે. દરેક સ્ત્રીમાં એટલી તાકાત અને પારાવાર ક્ષમતા રહેલી છે કે જે તેને જીવનના ઝંઝાવાતો સામે લડવાની તાકાત બક્ષે છે. સ્ત્રી કોઈ પણ યુગમાં સહનશીલતાના પ્રતિક સમી રહી છે. આજના આ મોર્ડન યુગમાં પણ તેના શિરે આવેલી તમામ જવાબદારીઓને એ સુપેરે અદા કરી શકે છે તેના મૂળમાં તો તેના અંતરાત્મામાં રહેલી અખૂટ શક્તિ જ કારણભૂત છે. સ્ત્રી દુર્ગા, કાલી, પાર્વતી તેમજ અન્નપુર્ણાનું એક એવું સુંદર સંયોજન છે કે જે તેના પોતાનામાં એક દિવ્ય શક્તિને ઉજાગર કરી શકે છે. આ વર્ષે કુદરતે જયારે તેની મર્યાદાનો ભંગ કર્યો અને વરસાદ વરસાવી ખેલૈયાઓને પરચો બતાવ્યો ત્યારે આપણને સમજાયું કે જયારે આપણે પણ કુદરતના નિયમ ભંગ કરીએ છીએ ત્યારે શું થતું હશે! ગરબાના નામે ડાન્સ કે નશો કરવાનું દૂષણ સમાજમાં પ્રવર્તે તો તે આપણામાં રહેલી દૈવીશક્તિનો વિનાશ જ ગણાય!

નવરાત્રીનું મુખ્ય આકર્ષણ તો એ જ હોય છે કે સુંદર પરંપરાગત વસ્ત્રોમાં યુવાન-યુવતીઓ અને નાના-મોટા સૌ-કોઈ આપણી ભાતીગળ સંસ્કૃતિને આપણામાં ધબકતી રાખે છે. માથે ઓઢેલી, ચાંદલો કરેલી નમણીનાર કે ઝભ્ભો પહેરીને રાસ રમતો ફાંકડો યુવાન કેવા રૂપાળા લાગે છે. ગરબામાં જોડાય ત્યારથી છેક છેલ્લે સુધી એમાં એવા તો તલ્લીન થઈ ગયા હોય કે જાણે કોઈ ધ્યાન કે યોગમુદ્રામાં લીન થઈ ગયા હોય! આ પણ એક પ્રકારનું 'મેડીટેશન' જ કહેવાય ને? અમુક જગ્યાએ કે અમુક લોકો દ્વારા નવરાત્રીની કે મા આદ્યશક્તિની ગરિમાનો અનાદર થાય ત્યારે એ પ્રકારની બાબતો સાવ જ ન બને અથવા નહિવત્ બને તે માટે આખાયે સમાજને જાગૃત રહેવાની જરૂર છે. નવરાત્રી એ આપણા રક્તમાં ભળેલી એક એવી ખુમારી છે કે તેને જીવંત રાખવી એ આપણા સૌની સહિયારી ફરજ ગણાય. રાલ્ફ વલ્ડો ટ્રોઈનએ લખેલું છે તેમ,

'તમારા છૂપામાં છૂપા વિચાર પણ પવિત્ર રાખો; કારણ કે તેઓમાં પણ અદ્‌ભૂત સામર્થ્ય રહેલું છે. દરેક પળે તમે તમારા વિચારો વડે તમારાં તન તથા મનને લાભ અથવા નુકસાન કરતા હોવાથી તમે કેવા વિચારો કરો છો, તે અવશ્ય તપાસતા રહો.'

નવરાત્રીના નવ નોરતા બાદ આવે છે દશેરાનો દિવસ એટલે કે રાવણદહનનો અવસર. અહીં રાવણ એ માત્ર પ્રતિકારરૂપ છે. આપણા સૌમાં એક રાવણ રહેલો જ છે. એવો વિચાર કે એક એવી ધારા કે જે આપણને કામ, ક્રોધ, મોહ અને લોભ તરફ લઈ જાય છે. આ એક એવાં પ્રવાહ છે કે જે આપણને તેના તરફ આકર્ષિત કરે છે, તેની ચકાચોંધ કરી મૂકે તેવી શાન જોઈને આપણે આપણો યોગ્ય માર્ગ છોડીને એ રસ્તે ચાલી નીકળીએ છીએ, હમણાં વોટ્સએપ પર એક મેસેજ ખૂબ વાઈરલ બન્યો છે કે,



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

રાવણ બનવું પણ કયાં સહેલું હતું...

રાવણમાં અહંકાર હતો તો પ્રાયશ્ચિત પણ હતો.
રાવણમાં વાસના હતી તો સંયમ પણ હતો,
રાવણમાં સીતાના અપહરણની તાકાત હતી તો...
પરસ્ત્રીની અનુમતિ વિના સ્પર્શ ના કરવાનો સંકલ્પ પણ હતો...
સીતા જીવિત મળી એ શ્રીરામની તાકાત હતી...
તો સીતા પવિત્ર મળી તે રાવણની મર્યાદા પણ હતી...
હે રામ... તમારા યુગનો રાવણ તો બહુ સારો હતો...
ભલે દસ ચહેરા હતા... પણ બધા બહાર જ હતા...
અંદર એક પણ નહિં...

જે રીતે 'રામ', 'કૃષ્ણ' એ માત્ર વ્યક્તિ વિશેષ નહિ પરંતુ એક પ્રવાવશાળી અને આદર્શ વિચારધારા જ છે. રામના મનમાં સીતા માટે એક ધોબીની વાતના કારણે આવી ચડેલો સંશય એ રામ જેવા રામમાં પણ રહેલી 'રાવણ' સ્વરૂપની વિચારધારા જ કહેવાય ને? અને રાવણમાં રહેલી મર્યાદા એ રાવણ જેવા રાવણના અંતરમનમાં રહેલી 'રામ' સ્વરુપની વિચારધારાનું પરિણામ જ ગણાય! આપણે કેટલાય વર્ષોથી 'રાવણ' ને એક વિલન સમજીને તેનું દહન કરીએ છીએ પણ ખરેખર દહન તો આપણામાં રહેલી હીન વિચારધારાનું કરવાનું છે! ખરાબ વિચાર તો શ્રીરામના મનમાં પણ આવી શકે અને સારા તેમજ શુદ્ધ સંસ્કારોનું પ્રતિક રાવણ પણ હોઈ શકે. આપણે પોતે જાતે જ આત્મનિરીક્ષણ કરીને આપણામાં રહેલી ક્ષતિઓને દૂર કરીએ એ જ સૌથી વધુ મહત્ત્વની અને પાયાની બાબત છે.

'શક્તિ ચાલીસા' માં પૂ. દુલાભાયા કાગ લખે છે તેમ,

'માડી! તારા... આણું છે રામની રેખા, કે આગળે રાવણ ઊભો રે જી
માડી! તારા... લીટાને લોપીને જાશે, તો જાનકીનાં જોખમ થાશે રે જી.
એટલે કે,
હે માં! આપની આજ્ઞા એ તો રામની રેખા સમાન છે,
જેની પાસે આવતા રાવણરૂપી મહાપાપ પણ થંભી જાય છે,
એ લીટીનું ઉલ્લંઘન કરી શકતું નથી. અને હે જગદંબા!
આપની એ ધર્મ રેખાનું જે કોઈ ઉલ્લંઘન કરે તે ભલે ને
મહાનમાં મહાન હોય, સ્વયં જાનકી-સીતાજી હોય, પણ
તેના પર જોખમ ઊતરવાનું, એ ચોક્કસ છે.

- nehalgadhavi101@gmail.com

# 'સ્વપ્ના જુઓ અને સાકાર કરો'ના પ્રેરણાસ્ત્રોત ડૉ.કલામ

દક્ષિણ ભારતમાં હિંદુઓના આસ્થાસ્થાન એવા રામેશ્વરમના એક સામાન્ય મુસ્લિમ પરિવારમાં ૧૫ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ જન્મેલા કલામને ઊંચે ગગનમાં ઊડતાં પંખી નિહાળીને ઊડવાનું મન થતું. ઊડવાના સ્વપ્ન જોનાર આ બાળક કયારેક મિસાઈલમેન તરીકેની પોતાની ઓળખ સ્થાપિત કરશે એવી કલ્પના એના પરિવારમાં ભાગ્યે જ કોઈએ કરી હશે. 'સ્વપ્ના જુઓ, સાકાર કરવા મંડ્યા રહ્યો અને એક દિવસ એ સ્વપ્ન પૂર્તિ કરી શકશો,' એવો બોધ વિશ્વનાં કરોડો બાળકો સુધી પહોંચાડનાર ડૉ.કલામ એનું જીવતુંજાગતું ઉદાહરણ. આ એ જ કલામની વાત છે જેને ડૉ.એ.પી. જે. અબ્દુલ કલામના નામથી દુનિયા ઓળખે છે. જૈનુલાબ્દીન અને આશિયામ્માનાં અનેક સંતાનોમાંના એક તરીકે પોતાનો પરિચય આત્મકથા 'અગનપંખ' (વિંગ્સ ઑફ ફાયર)માં આપતા કલામ ગામઠી શાળામાં રામેશ્વરમના મંદિરના મુખ્ય પૂજારી પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રીના દીકરા રામાનંદ શાસ્ત્રી સાથે વર્ગમાં પહેલી પાટલી પર બેસીને મુસ્લિમ ટોપી સાથે ભણતા, પણ એમના અંગત મિત્રો હિંદુ હતા. પિતાના મિત્ર એવા પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રીનો પણ એમના પર વિશેષ ભાવ હતો. બાળપણના આ સંસ્કારો થકી જ ડૉ.કલામનો સર્વધર્મ સમભાવનો પિંડ બંધાયો.

ક્યારેક ફી ભરવાનાં નાણાં ઊભાં કરવા બહેનની વિંટીનો ઉપયોગ કરનાર કલામ કૉલેજમાં બીએસ.સી. કરવા ગયા ત્યારે એમના ગણિતના પ્રાધ્યાપક થોતારી આયંગરે એમને પ્રાચીન ગણિત અને ખગોળશાસ્ત્ર ભણાવતાં આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય અને શ્રીનિવાસ રામાનુજનનો ય પરિચય કરાવ્યો હતો. મદ્રાસ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી)માંથી એરોનોટિકલ ઈજનેર થતાંની સાથે જ ભારતીય અંતરીક્ષ ક્ષેત્રે મસમોટું નામ ગણાતા ડૉ.વિક્રમ સારાભાઈ થકી પસંદગી પામીને એમણે દેશના સંરક્ષણ મંત્રાલયની સંશોધન સંસ્થા ડીઆરડીઓમાં પ્રવેશ મેળવ્યો. 'ઈસરો'થી લઈને વડા પ્રધાનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર સુધીના હોદ્દે પહોંચેલા ડૉ.કલામ રાજકીય શાસકો સાથે ઘરોબો કેળવવાને બદલે પોતાના કામમાં જ મન પરોવતા રહ્યા. દેશી મિસાઈલોને વિક્સિત કરવાથી લઈને અણુવિસ્ફોટના પ્રયોગ લગી આગળ વધ્યા. વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ એમને રાષ્ટ્રપતિના ઉમેદવાર જાહેર કર્યા અને એમણે રાષ્ટ્રપતિ ભવન લોકો માટે ખુલ્લું મૂક્યું. સરકારી શિષ્ટાચારો અને હોદ્દાનો દેખાડો કરવા કે એના ભાર તળે દબાવાને બદલે ડૉ.કલામ લોકોના રાષ્ટ્રપતિ બની રહ્યા. બાળકો માટે પ્રેરક બની રહ્યા. સ્વપ્નાંનાં વાવેતર કરતા રહ્યા. પક્ષાપક્ષીથી પર રહ્યા. રાષ્ટ્રપતિપદનો સમયગાળો પૂરો થવા આવ્યો ત્યારે ફરીને આ હોદ્દા માટેની ઉમેદવારી કરવાનો આગ્રહ થવા છતાં એમણે નિવૃત્ત થવાનું પસંદ કર્યું.

૨૫ જુલાઈ ૨૦૦૨થી ૨૫ જુલાઈ ૨૦૦૭ લગીનો રાષ્ટ્રપતિ ભવનનો સુવર્ણકાળ ડૉ.કલામ જેવા અપરિણીત અને રાષ્ટ્રને જ સમર્પિત વ્યક્તિ થકી દુનિયાભરમાં નોખી ભાત પાડનારો રહ્યો. સંયોગ તો જુઓ, ૨૭ જુલાઈ ૨૦૧૫ના રોજ શિલોંગની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)માં વ્યાખ્યાન આપતાં જ ૮૩ વર્ષની વયે એ ઢળી પડ્યા અને જન્નતનશીન થયા ત્યાં લગી એ એ પ્રજાના સાચા અર્થમાં રાષ્ટ્રપતિ જ રહ્યા! આગલા મહિને જ એમણે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંપ્રદાય (બીએપીએસ)ના વડા પ્રમુખસ્વામી સાથેના આધ્યાત્મિક અનુભવો પર પોતાના પુસ્તકનું સ્વામીની નિશ્રામાં જ લોકાર્પણ કરાવ્યું હતું. દેશ-વિદેશમાં યુવા પેઢીના દિલોદિમાગ પર છવાઈ ગયેલા ડૉ.કલામના વ્યક્તિત્વની પારદર્શિતા અને નવી પેઢી માટેની શ્રદ્ધા એ હજુ આજેય આપણી આસપાસ હોય અને કોઈ પ્રેરણા આપતા હોય એવી અનુભૂતિ પ્રત્યેકને કરાવે છે. આ ઓલિયા માણસ સાથે દેખાવાનું કે જોડાવાનું રાજકીય શાસકોને ય ગમતું, પણ એ બધાથી પર હતો.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે કોઈ વિરોધાભાસ નહીં હોવાનું ઉદાહરણ એમણે રામેશ્વરમમાં જન્મીને રામેશ્વરમની ધૂળમાં સમાઈ જવા સુધીની પોતાની સાર્થક જિંદગીમાં પૂરું પાડ્યું. સાચા અર્થમાં એ નમાજી મુસલમાન અને સાથે જ યોગ જ નહીં, પ્રાચીન હિંદુ ગ્રંથોથી લઈને વિજ્ઞાન અને અધ્યાત્મના અત્યાધુનિક ગ્રંથોના પ્રખર અભ્યાસી એટલે ડૉ.કલામ. એ ફિરાક ગોરખપુરી જેવા શાયરને જેટલી સહજતાથી ટાંકી શકે એટલી જ સહજતાથી ઉપનિષદ કે મહાભારતની વાત પણ મૂકી શકે. 'ભારતના પુનર્જાગરણ' માટેનો એજન્ડા એમનાં લખાણો-વ્યાખ્યાનો અને મૃત્યુ પછી પણ ઑક્ટોબર ૨૦૧૫માં પ્રકાશિત થયેલાં પુસ્તક સહિતનાં ૧૮ પુસ્તકોમાં એ સમાજ અને નવી પેઢી માટે મૂકીને ગયા છે. એમનામાં ગજબનો આશાવાદ હતો. 'આશા'ને ટકાવવામાં એમનો વિશ્વાસ હતો. એ નોંધે છે: '૧૮૫૭માં આશા જન્મી કે ભારત સ્વતંત્ર થશે. ઘણા શહીદોના બલિદાન પછી ૯૦ વર્ષે તે સિદ્ધ થઈ.'



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

બાળકોને 'પ્રશ્નો પૂછવાનું રાખો, તમે પણ વિજ્ઞાની થઈ શકશો' એવું ગાઈવગાડીને કહેનારા ડૉ.કલામ પોતાની સાધના અને સિદ્ધિની વાતમાં જીવનનો અર્ક સહજતાથી રજૂ કરે છે. 'મગજ શક્તિશાળી બનાવવા માટે ત્રણ વસ્તુ જરૂરી છે: સદગુણોને વાંચ્છવા પડે, કામ સારી રીતે કરવું પડે અને જે થઈ રહ્યું છે તેની પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે અને છેલ્લે તમારા વર્તનમાં સમજણ પણ હોવી ઘટે.' શાળામાં શિક્ષકની સોટીનો માર પણ ખાધો છે અને એ શિક્ષકનું કથન પણ ગૂંજે બાંધેલું છે કે મારો માર જે ખાય એ મહાન બને છે!

શાયર ફિરાક ગોરખપુરીને ટાંકતાં એ ભારતીય સંસ્કૃતિ ટકી રહ્યાની વાતનો સંદર્ભ છેક ઉપનિષદના શ્લોક સુધી લઈ જાય છે. એ કહે પણ છે: 'આખી દુનિયામાંથી કાફલાઓ આવતા રહ્યા, કારવાઓ અહીં રોકાતા ગયા અને ભારત બનતું ગયું. જવાહરલાલ નેહરુએ પણ પોતાના પુસ્તક 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'માં ભારતની સંસ્કૃતિનું અદભુત વર્ણન કર્યું છે. સંકટના સમયમાં જ્યારે અન્ય સંસ્કૃતિઓ નાશ પામી ત્યારે પણ ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે.'

ડૉ.કલામનું આખું નામ ખાસ્સું લાંબું છે. જોકે એમને તેમના પૂરા નામથી જો કોઈ બોલાવતું રહ્યું હોય તો એ દેશના મુખ્ય ચૂંટણી આયુક્ત રહેલા ટી. એન. શેષન જ. બેઉ પાછા તમિળ. ડૉ.કલામનું આખું નામ ડૉ.અવુલ પકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ. 'અવુલ' એમના પરદાદા, 'પકીર' એમના દાદા અને 'જૈનુલાબ્દીન' એમના પિતાનું નામ. કલામ પાછા વીણાવાદક પણ ખરા. ભગવદ્ ગીતાના ય ચાહક. મુસ્લિમ હોવાને કારણે પવિત્ર કુર્આનનો પાઠ કરવા ઉપરાંત અન્ય ધર્મોના ગ્રંથોનો અભ્યાસ પણ કરે. દેશની સર્વપ્રથમ મસ્જિદના જીર્ણોદ્ધાર પછી ઉદઘાટન માટે કેરળ જાય એટલી જ સહજતાથી એ મંદિર કે ચર્ચમાં પણ જાય. એમના જીવનમાં

અનુસંધાન પાના નં. ૭ પર